# BUSINESS મિત્ર

### મીડલ ઈસ્ટ યુદ્ધ લાંબુ ચાલવાની સંભાવના

# નવા સપ્તાહમાં વધુ કડાકા ભડાકા જોવા મળશે

**વિતેલા** સપ્તાહમાં શરૂઆતી ઉછાળો એક જ દિવસમાં ધોવાઇ ગયો: રૂપિયો વિક્રમી નીચી સપાટીએ

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 21:** વિતેલું અસ્થિર સપ્તાહમાં, ભારતીય બજારોએ સુસ્ત પ્રદર્શન આપ્યું હતું, જે ચાલુ ભૌગોલિક રાજકીય તણાવ, રૂપિયો સતત નબળો પડવા, ક્રુડ ઓઈલના વધતા ભાવ અને સતત વિદેશી સંસ્થાકીય રોકાણકારોને કારણે દબાણ હેઠળ હતો. ગેસ ફિલ્ડ પર હુમલાના પગલે તીવ્ર વેચવાલી પછી, બેન્ચમાર્ક પ્રથમ ત્રણ સત્રોના તમામ લાભો ગુમાવ્યો હતો. જોકે, સપ્તાહના અંતિમ દિવસે રિકવરી મળવાથી સેન્સેક્સ અને નિફ્ટી 50 સપ્તાહના અંતે મોટા ભાગે કોઈ ફેરફાર થયો નથી. અમેરિકા અને ઈરાન યુદ્ધ અટકવાનું નામ લેતી નથી. એક તબક્કે આ યુદ્ધ પર પુર્ણવિરામ મુકાઇ જાય તેવો આશાવાદ જાગ્યો હતો, અમેરિકા પણ યુદ્ધને રોકવા સંમત છે, પણ ઈરાન તૈયાર નથી. જેથી આ યુદ્ધ લાંબુ ચાલશે અને તેના લીધે અસ્થિરતા ચાલુ રહેશે. જેમાં ક્રુડના ભાવ વધુ ઉછળે તેવી ભીતિ સેવાઇ રહી છે. ભારતીય શેરબજારમાં વધઘટે નિફ્ટી 22800 પોઈન્ટની નીચલા સ્તર સુધી પહોંચી શકે છે. વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 30.96 પોઈન્ટ એટલે કે 0.04 ટકા ઘટીને 74,532.96 પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી 36.6 પોઈન્ટ એટલે કે 0.15 ટકા ઘટીને 23114.50ના સ્તર પર બંધ થયો હતો. બીએસઇનો લાર્જકેપ ઈન્ડેક્સ 0.32 ટકા ઘટ્યો હતો. આઈડીબીઆઇ બેન્ક, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન, સોલર ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા, લોઢા ડેવલપર્સ, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, હિન્દુસ્તાન ઝિંક, મેનકાઈન્ડ ફાર્મા, શ્રીરામ ફાઈનાન્સ સૌથી વધુ ઘટ્યા હતા. તે જ સમયે, વારી એનર્જીઝ, એટર્નલ, ટાટા સ્ટીલ, લેન્સકાર્ટ સોલ્યુશન્સ, મીશો, જેએસડબ્લ્યુ સ્ટીલ, ટીવીએસ મોટર કંપની ટોપ ગેઈનર્સ હતી. ગત સપ્તાહે બીએસઇનો મિડકેપ ઈન્ડેક્સ ફ્લેટ બંધ રહ્યો હતો. બ્રેઈનબીઝ સોલ્યુશન્સ, એડબલ્યુએલ એગ્રી બિઝનેસ, પ્રીમિયર એનર્જીસ, લોઈડ્સ મેટલ્સ એન્ડ એનર્જી, શેફલર ઈન્ડિયા, પેટીએમ, ભારતી હેક્સાકોમમાં 7થી 12 ટકાનો વધારો જોવા મળ્યો હતો. બીજી તરફ પેટ્રોનેટ એલએનજી, બંધન બેન્ક, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન, કંસાઈ નેરોલેક પેઈન્ટ્સ, પ્રોક્ટર એન્ડ ગેમ્બલ હાઈજીન એન્ડ હેલ્થ કેર, એજીસ વોપાક ટર્મિનલ્સમાં 7થી 10 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ સપાટ બંધ રહ્યો હતો. એકિલોન નેક્સસ, રાજેશ એક્સપોર્ટ્સ, ટીટીકે પ્રેસ્ટિજ, સાધના નાઈટ્રોકેમ, વીએલ ઇ-ગવર્નન્સ એન્ડ આઈટી સોલ્યુશન્સ, કેમલિન ફાઈન સાયન્સિસ, સ્પાઈસજેટ, ઈકોસ ઈન્ડિયા મોબિલિટી એન્ડ હોસ્પિટાલિટી, એવરેસ્ટ ઈન્ડસ્ટ્રીઝ, હિન્દુસ્તાન ઓઈલ એક્સપ્લોરેશન કંપની, રામકૃષ્ણ ફોર્જિંગ્સ, ફિનો પેમેન્ટ્સ બેન્ક, ફિલાટેક્સ ફેશન્સ, ડિશ ટીવી ઈન્ડિયા, શિવાલિક રસાયન, એસ્ટેક લાઈફસાયન્સ, ડીઈઇ ડેવલપમેન્ટ એન્જિનિયર્સ 10થી 22 ટકા ઘટ્યા હતા.

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૦૩૯૦ |
| તેજાબી સોનું | ૧૫૦૩૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૨૮૭૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૭૩૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૦૩૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૩૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૪૫૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**તેલ બજાર સુરત**
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ ’’ | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ ’’ | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

# ઈન્વોઈસમાં માસના ઓછા મૂલ્યાંકનના આરોપસર માલ/વાહનની જપ્તી કે હસ્તગત ન કરી શકાય

### નામદાર આંધ્ર પ્રદેશ હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો..

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

વાહનના ઈન્ચાર્જ વ્યક્તિ પાસે કાયદામાં ઠરાવ્યા પ્રમાણેના તમામ દસ્તાવેજો હોય તો ફક્ત ઈન્વોઈસમાં માલનું ઓછું મૂલ્યાંકન-વેલ્યુએશન- કરવામાં આવેલ છે તેવા આરોપસર કલમ 129 કે 130 હેઠળ માલની જપ્તી કે હસ્તગત કરવાની કાર્યવાહી કરી શકાય નહી. એવો અગત્યનો ચૂકાદો તાજેતરમાં નામદાર આંધ્રપ્રદેશ હાઈકોર્ટે આપ્યો છે. ખેર! ના. હાઈકોર્ટના ગોલ્ડન ટ્રેલર્સ વિ. ડેપ્યુટી આસી. કમિશનર શૂટ ટેક્ષ-રી.પી.નં. 541/2026 અને અન્ય કેસોમાં તા. 16.2.26ના રોજ આપ્યો છે.

**હકીકત...**

ના.આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ સમક્ષના કેસોની હકીકત મુજબ વાહનના ઈન્ચાર્જ પાસે ઈન્વોઈસ અને ઈ-વે-બિલ હતા. આમ છતાં... કલમ 129 કે કલમ 130 હેઠળ માલને રોકવાની જટણ કરવાની કે હસ્તગત કરવાની કાર્યવાહી એટલા માટે કરવામાં આવી હતી કે અધિકારોના મતે પરિવહન થઈ રહેલ માસનું ખૂબ ઓછુ મૂલ્યાંકન-વેલ્યુએશન કરવામાં આવેલ અને તે રાતે કાર્યવાહી કરવામાં આવેલ હતી. ત્યારે..ના.હાઈકોર્ટ સમક્ષ પ્રશ્ન એ હતો કે માર્ગમાં જ્યારે વાહનને રોકવામાં આવેલ ત્યારે ચેકપોસ્ટના અધિકારી માલના મૂલ્યાંકનને લગતો પ્રશ્ન ઉપસ્થિત કરી શકે?

**ચૂકાદો...**

ના.હાઈકોર્ટ... જ્યારે માલનું વહન થતું હતું ત્યારે તેને રોકીને તપાસ કરતા જો તેની સાથે કાયદા અનુસારના તમામ દસ્તતાવેજો હોય ત્યારે... માલનું ઓછું મૂલ્યાંકન ઓછું કરવામાં આવેલ છે તેવા કારણોસર તેને જપ્ત કે હસ્તગત ન કરી શકાય તેવા નીચેથી જુદા જુદા હાઈકોર્ટના ચૂકાદાઓની નોંધ લીધી અને તેના આધારે માલને છૂટો કરવા આદેશ કર્યો.

(1) ના કેરાબા હાઈકોર્ટના આલ્ફાગૃપના કેસમાં ઈન્વોઈસમાં લખવામાં આવેલ કિંમત મહત્ત્મ રીટેઈલ પ્રાઈસથી ઘણી ઓછી હતી. ના.હાઈકોર્ટના મતે, GST કાયદામાં એવી કોઈ જોગવાઈ નથી કે મહત્તમ રહેલ પ્રાઈસથી ઓછા કિંમતે માલનું વેચાણ કરી શકાય નહી એમ જણાવી ના. હાઈકોર્ટે માલને રોકવાનો આદેશ રદ કર્યો.

(2) ના.છત્તીસગઢ હાઈકોર્ટના કે.પી. સુગંધ લી.ના કેસમાં ના.હાઈકોર્ટના મતે ઓછી કિંમતે માલનું વેચાણ કરેલ છે તેજ કારણસર માલ/વાહનને જપ્ત કે હસ્તગત કરી શકાય નહી અને સરસ રીતે જણાવ્યું કે એ અધિકારીને જણાય કે ઓછા મૂલ્ય પર માલનું વેચાણ થયેલ છે તો તેઓ તે અંગેની માહિતી આકારણી અધિકારોને આપી શકે છે.

આ ઉપરાંત ના.હાઈકોર્ટે, ના.ગુજરાત હાઈકોર્ટ તથા અલ્હાબાદ હાઈકોર્ટના ચૂકાદાઓ ધ્યાનમાં લીધા અને ના.હાઈકોર્ટના મતે આ કેસમાં માલના મૂલ્યાંકન માટે અધિકારોએ અપનાવેલ પધ્ધતિ એક તરફી છે. આ કેસમાં અધિકારીએ કેટલાક સેમ્પલ કર્ણાટકની સંસ્થાને વેલ્યુએશન માટે મોકલાવી આવેલ છે અને જણાય છે તેમ આ સેમ્પલો અરજદારની ગેરહાજરમાં લેવાયેલ છે. કોર્ટ જણાવ્યું કે આ પ્રકારની કાર્યવાહી કાયદેસર રીતે ટકી શકે એમ નથી. અને ના. હાઈકોર્ટ જણાવ્યું કે તેમના મતે.. જે સેમ્પલ લેવામાં આવે તેના પણ ભાગ કરવા જોઈએ. એક ભાગ જે અધિકારીએ કાર્યવાહી કરેલ હોય તેમણે રાખવો જોઈએ. બીજો ભાગ ક્ષેત્રાધિકાર ધરાવતા અધિકારોને મોકલવો જોઈએ અને ત્રીજો ભાગ કરદાતાને આપવો જોઈએ. ત્યારબાદ હકુમત ધરાવતા અધિકારોએ કાયદા અનુસાર ાર્યવાહી કરવી જોઈએ એમ જણાવી, ના.હાઈકોર્ટ રીટ-પીટીશનો મંજૂર કરી અને જે વેહાકલો જપ્ત કરવામાં આવ્યા છે કે રોકવામાં આવ્યા છે તેને છૂટા કરવા ફરમાવ્યું.


ખૂંખાર એક્શન...




ધુરંધર-2
રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન
૧૨.૦૦, ૧૨.૪૦, ૪.૦૦, ૬.૦૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.


# ધુરંધર- ધ રિવેન્જ: દેશભક્તિના ઉન્માદ સાથે અત્યાર સુધીની સૌથી મોટી એક્શન થ્રિલર



**મૂવી રિવ્યુ**
અમર સોલંકી દ્વારા

**ફિલ્મ**
ધુરંધર: ધ રિવેન્જ (એ)

**રેટીંગ**
★★★☆☆

**એક લાઈનનો પ્રતિભાવ**
જબરદસ્ત એક્શન, રણવીર અને અન્ય અભિનેતાઓના અભિનય અને અદ્ભુત સિનેમાટોગ્રાફી માટે આ ફિલ્મ સિનેમાહોલ પર જઈને જ જોવી

**અભિનેતા:** રણવીર સિંહ, સંજય દત્ત, અર્જુન રામપાલ, સારા અર્જુન, રાકેશ બેદી, આર માધવન, દાનિશ પંડોર **નિર્માતા:** જિયો સ્ટુડિયો, બી62 સ્ટુડિયો **નિર્દેશક:** આદિત્ય ધર

વર્ષ 2025માં આવેલી હિટ ફિલ્મ ‘ધુરંધર’ આ સિક્વલ પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓના ખાતમાની પટકથા છે. વાર્તા ભારતીય અંડરકવર એજન્ટ જસકીરત સિંહ ઉર્ફે હમઝા અલી મઝારીની છે, જે પાકિસ્તાનમાં રહીને ભારતના દુશ્મનોનો સફાયો કરે છે. પ્રથમ ભાગમાં રહેમાન ડકેતનો અંત આવ્યા બાદ, હવે હમઝા આઈબીના સપોર્ટ સાથે ભારતમાં તબાહી મચાવતા આતંકવાદીઓના આકાઓને ખતમ કરવાના મિશન પર છે.

આદિત્ય ધરનું નિર્દેશન અને પટકથા અત્યંત બુદ્ધિશાળી છે. લગભગ ચાર કલાકની આ લાંબી ફિલ્મની શરૂઆતની એક કલાક થોડી ગૂંચવણભરી લાગે છે, પરંતુ પટકથાની ઝડપ એટલી તેજ છે કે પ્રેક્ષકોને વિચારવાનો સમય મળતો નથી. લેખકોએ હોંશિયારીપૂર્વક મોદી સરકારના નોટબંધી જેવા મહત્વના નિર્ણયોને વાર્તામાં વણી લીધા છે, જે થિયેટરમાં તાળીઓ અને સીટીઓ ગજવે છે. જોકે, પ્રથમ ભાગની સરખામણીએ આ વખતે કોમેડી અને હળવી ક્ષણો ઓછી છે, જે ગંભીર ડ્રામા વચ્ચે થોડી ખલેલ પહોંચાડે છે.

અભિનયની વાત કરીએ તો રણવીર સિંહે તેના કરિયરનું સર્વશ્રેષ્ઠ પરફોર્મન્સ આપ્યું છે. હમઝાના પાત્રમાં તે એટલો ડૂબી ગયો છે કે તેને જોવો એક લ્હાવો છે. અર્જુન રામપાલ મેજર ઈકબાલ તરીકે ચોંકાવી દે છે, ખાસ કરીને તેના પિતાની હત્યાવાળો સીન લાજવાબ છે. આર. માધવન આઈબી ચીફ તરીકે પોતાની ગરિમાપૂર્ણ હાજરી નોંધાવે છે, જ્યારે સંજય દત્ત અસરકારક છે.

ફિલ્મનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક અને સિનેમેટોગ્રાફી ક્લાસ વન છે. એક્શન સીન્સમાં હિંસા વધુ છે, પરંતુ વાર્તાની માગ મુજબ તે જરૂરી લાગે છે. અંતિમ અડધો કલાક એટલે કે ક્લાઈમેક્સ તમને સીટ સાથે જકડી રાખશે. રાષ્ટ્રીય સુરક્ષા અને દેશભક્તિના રંગે રંગાયેલી આ ફિલ્મ તાજેતરના સમયની શ્રેષ્ઠ એક્શન થ્રિલર પૈકીની એક છે. રાજકીય ડ્રામા અને એક્શન ફિલ્મોના ચાહકો માટે આ એક ‘મસ્ટ વોચ’ ફિલ્મ છે.


RAJHANS



ગોપીતળાવ
નવસારી બજાર, સુરત
ખૂંખાર એક્શન...
ધુરંધર-2
૯.૦૦, ૯.૩૦, ૧૨.૨૦, ૧.૨૦, ૧.૫૦, ૪.૪૦, ૫.૪૦, ૬.૧૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે

APPLE CINEMA
૬ઠ્ઠી માળ, એક્રોપોલિસ મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. 99984 46007
• મસાજર બેડ • કપલ બેડ • વીઆઈપી રિક્લાઈનર
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat




ધુરંધર-2
રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન
૮.૦૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૦૦, ૧.૩૦, ૧.૪૫, ૨.૧૫, ૨.૪૫, ૩.૧૫, ૪.૦૦, ૪.૩૦, ૫.૧૫, ૫.૪૦, ૬.૦૦, ૬.૩૦, ૭.૦૦, ૭.૩૦, રાત્રે ૮.૧૫, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦

DGVCL
“Save Energy For Benefit Of Self & Nation”
DGVCL
દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ.
CIN U40102GJ2003SGC042909
વ્યારા વિભાગીય કચેરી (સં અને નિ)
૬૬ કેવી કમ્પાઉન્ડ, એન.એચ ૬ ધુલિયા રોડ, વ્યારા, જીલ્લો: તાપી, પીનકોડ-૩૯૪૬૫૦
Vyara, Dist-Tapi, Pin:394650 ઇમેલ આઈડી-Do.vyara@gebmail.com

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેર સુચના**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે ડી.જી.વી.સી.એલ દ્વારા ૧૧ કેવી લાઈનનું જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખ તથા સમયે તે સબસ્ટેશન માંથી ફીડર પરથી વીજ પુરવઠો મળી શકશે નહી.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નં | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી ગુણસદા | ૧૧ કેવી ચાપાવાડી જેજીવાય<br>૧૧ કેવી મેઢા એજી | સોનગઢ | ૯૯૭૯૮૬૦૪૯૪ | ૨૩.૦૩.૨૦૨૬/ સોમવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨ | ૬૬ કેવી કુમકુવા | ૧૧ કેવી વાંકવેલ અર્બન ફીડર<br>૧૧ કેવી ગાયસાવર એજી | સોનગઢ | ૯૯૭૯૮૬૦૪૯૪ | ૨૩.૦૩.૨૦૨૬/ સોમવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩ | ૬૬ કેવી માંડળ | ૧૧ કેવી ધરતી ઇન્ડસ્ટ્રીયલ ફીડર | સોનગઢ | ૯૯૭૯૮૬૦૪૯૪ | ૨૩.૦૩.૨૦૨૬/ સોમવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૪ | ૬૬ કેવી સોનગઢ | ૧૧ કેવી ક્વોરી ઇન્ડસ્ટ્રીયલ ફીડર | સોનગઢ | ૯૯૭૯૮૬૦૪૯૪ | ૨૪.૦૩.૨૦૨૬/ મંગળવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૫ | ૬૬ કેવી જામખડી | ૧૧ કેવી લવચાલી જેજીવાય ફીડર<br>૧૧ કેવી મેઢા એજી ફીડર<br>૧૧ કેવી ધનમૌલી એજી ફીડર | સોનગઢ | ૯૯૭૯૮૬૦૪૯૪ | ૨૫.૦૩.૨૦૨૬/ બુધવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૬ | ૬૬ કેવી ટાપરવાડા | ૧૧ કેવી કપડબંધ જેજીવાય ફીડર<br>૧૧ કેવી વાડી રૂપગઢ એજી ફીડર | સોનગઢ | ૯૯૭૯૮૬૦૪૯૪ | ૨૬.૦૩.૨૦૨૬/ ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૭ | ૬૬ કેવી મલંગદેવ | ૧૧ કેવી ચિમેર જેજીવાય ફીડર<br>૧૧ કેવી રાસમતી જેજીવાય ફીડર<br>૧૧ કેવી મલંગદેવ એજી ફીડર | સોનગઢ | ૯૯૭૯૮૬૦૪૯૪ | ૨૭.૦૩.૨૦૨૬/ શુક્રવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૮ | ૬૬ કેવી જામખડી | ૧૧ કેવી લવચાલી જેજીવાય ફીડર<br>૧૧ કેવી મેઢા એજી ફીડર<br>૧૧ કેવી ધનમૌલી એજી ફીડર | સોનગઢ | ૯૯૭૯૮૬૦૪૯૪ | ૨૮.૦૩.૨૦૨૬/ શનિવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |

નોંધ:કામ પૂર્ણ થયા બાદ કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે

કાર્યપાલક ઇજનેર (સં.અને નિ) વ્યારા વિભાગીય કચેરી, દ.ગુ.વિ.કં.લિ

એમ.સી.બી/ઇ.એલ.સી.બી/આર સી સી બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માત ટાળો.


# ઈરાન સાથેના યુદ્ધનો મુખ્ય ઉદ્દેશ ઊર્જાના વેપાર પર કબજો જમાવવાનો છે




**ટુ ધ પોઇન્ટ**
સમકિત શાહ

અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધનું મૂળ કારણ ઈરાનનો અણુકાર્યક્રમ નથી પણ ખનિજ તેલ પર કબજો જમાવવાની હરીફાઈ છે. ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા તેલ વેપારને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. અમેરિકાને મિડલ ઇસ્ટના કે ઈરાનના ખનિજ તેલની જરાય જરૂર નથી, પણ તે દુનિયાના ખનિજ તેલના વેપાર પર પોતાની ઇજારાશાહી ટકાવી રાખવા માગે છે. ગલ્ફના દેશો ખનિજ તેલનું વેચાણ ડોલરમાં કરે છે, જેના કારણે દુનિયાના અર્થતંત્ર પર અમેરિકાનું નિયંત્રણ રહે છે. જો ઈરાન ખનિજ તેલના વેપાર પર હોર્મુઝ સ્ટ્રેટના માધ્યમથી પોતાની ઇજારાશાહી સ્થાપિત કરી દે, તો અમેરિકાનો ગરાસ લૂંટાઇ જાય તેમ છે. આ કારણે જ ઈરાન અમેરિકાને સોનાનાં ઈંડાં આપતી મરઘી સમાન ગલ્ફના દેશોના તેલના કૂવાઓ ખતમ કરી રહ્યું છે. જો ઈરાન અમેરિકાના પેટ્રોડોલરના સામ્રાજ્યનો અંત આણવામાં સફળ થાય તો અમેરિકા આ યુદ્ધ હારી જશે. ઈરાને યુઆનમાં તેલ વેચવાની વાત કરીને પોતાનો ઇરાદો સ્પષ્ટ કરી દીધો છે.

આજના કાળમાં ખનિજ તેલ વિશ્વના અર્થતંત્રનો આધાર છે. દુનિયા દરરોજ ૧૬ અબજ લિટરથી વધુ ખનિજ તેલનો ઉપયોગ કરે છે. આ ઉપયોગ મુખ્યત્વે રોડ ટ્રાન્સપોર્ટ, હવાઈ મુસાફરી, શિપિંગ ઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ અને વીજ ઉત્પાદનનાં ક્ષેત્રોમાં થાય છે. સૌથી વધુ ખનિજ તેલનો વપરાશ કરતા દેશોમાં અમેરિકા, ચીન, ભારત, જાપાન, રશિયા અને સાઉદી અરેબિયાનો સમાવેશ થાય છે. સાઉદી અરેબિયા પાસે સૌથી વધુ દેશોમાં ક્રુડ ઓઇલ અને તેલ ઉત્પાદનો પૂરાં પાડવાની ક્ષમતા છે. આ ક્ષમતા તેલના ઉત્પાદન ઉપરાંત તેના વિશાળ તેલ ભંડાર, અત્યંત ઓછો ઉત્પાદન ખર્ચ, લાંબા સમયથી સ્થાપિત નિકાસની માળખાગત સુવિધા, દરિયાઈ માર્ગોની સરળ પહોંચ અને એશિયા, યુરોપ અને થોડા અંશે અમેરિકામાં ફેલાયેલા સ્થિર ગ્રાહક નેટવર્કને કારણે છે. સાઉદી અરેબિયા જુદા જુદા સમયે ડઝનબંધ દેશોને તેલ વેચે છે. જો હોર્મુઝની ખાડીમાંથી ખનિજ તેલનું વહન બંધ થઈ જાય તો તેનું સૌથી વધુ નુકસાન સાઉદી અરેબિયાને થાય તેમ છે.

સાઉદી અરેબિયાને ખનિજ તેલના મુખ્ય સપ્લાયર તરીકે સ્થાન મળવાનાં ઘણાં કારણો છે. સાઉદી અરેબિયા પાસે વિશ્વનો સૌથી મોટો તેલ ભંડાર છે, જે તેને લાંબા ગાળાના, સતત પુરવઠાની ખાતરી કરવા સક્ષમ બનાવે છે. સાઉદી અરેબિયા મોટા પ્રમાણમાં ઓછા ખર્ચે તેલ કાઢી શકે છે. આ ઓછી કિંમતનો અર્થ એ છે કે તે ભાવમાં વધઘટ દરમિયાન પણ સ્પર્ધાત્મક રહે છે. તેની પાસે તેલની નિકાસ કરવાનાં બંદરો, ટર્મિનલ, પાઇપલાઇન્સ, સ્ટોરેજ અને શિપિંગનું મજબૂત નેટવર્ક છે, જે સતત પુરવઠો સુનિશ્ચિત કરે છે. એશિયાના મુખ્ય ગ્રાહકો, જેમ કે ચીન, ભારત, જાપાન અને દક્ષિણ કોરિયા, ત્યાં સ્થિત છે. સાઉદી અરેબિયા આ દેશોની તેલ જરૂરિયાતોનો નોંધપાત્ર ભાગ પૂર્ણ કરી રહ્યું છે. ઘણા દેશોની રિફાઇનરીઓ સાઉદી-ગ્રેડ તેલને પ્રોસેસ કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે, જેના કારણે તેઓ લાંબા સમય સુધી સાઉદી તેલ ખરીદવાની શક્યતા ધરાવે છે.

વૈશ્વિક તેલ નિકાસની યાદી સમયાંતરે બદલાતી રહે છે, પરંતુ સામાન્ય રીતે આ દેશો ટોચ પર હોય છે. સાઉદી અરેબિયા લાંબા સમયથી ટોચના તેલ નિકાસકારોમાંનું એક રહ્યું છે. તેનું મુખ્ય બજાર એશિયા છે. રશિયા વિશ્વનો સૌથી મોટો તેલ ઉત્પાદક અને નિકાસકાર દેશ છે. પશ્ચિમી પ્રતિબંધોએ તેના ખરીદદાર માળખામાં ફેરફાર કર્યો છે, પરંતુ તેની નિકાસ નોંધપાત્ર રહી છે. ઇરાકનું અર્થતંત્ર તેલ પર ખૂબ નિર્ભર છે, તેની મોટા ભાગની તેલનિકાસ એશિયન બજારો માટે થાય છે. સંયુક્ત આરબ અમીરાત એક મુખ્ય નિકાસકાર છે. તેનો પુરવઠો વિશ્વસનીય માનવામાં આવે છે. કેનેડા એક મુખ્ય તેલ નિકાસકાર છે, પરંતુ તેનો સૌથી મોટો ખરીદનાર અમેરિકા છે. તેનું ભૌગોલિક સ્થાન તેને અનન્ય બનાવે છે. અમેરિકા એક મુખ્ય ઉત્પાદક અને નિકાસકાર બંને છે. શેલ ઓઇલ ક્રાંતિ પછી તેની નિકાસમાં નોંધપાત્ર વધારો થયો છે. જો કે, અમેરિકા વિવિધ ગ્રેડના ખનિજ તેલની જરૂરિયાતને કારણે તેલની આયાત પણ કરે છે. કુવૈત પ્રમાણમાં નાનો દેશ છે, પરંતુ તે તેલની નિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેનું તેલ મુખ્યત્વે એશિયામાં વેચાય છે. નોર્વે યુરોપનો અગ્રણી તેલ અને ગેસ નિકાસકાર છે અને તેનો પુરવઠો યુરોપ માટે મહત્ત્વપૂર્ણ છે.

કઝાકિસ્તાન મધ્ય એશિયામાંથી એક મહત્ત્વપૂર્ણ નિકાસકાર છે, જે યુરોપ અને અન્ય દેશોનાં બજારો માટે તેલનો નિયત જથ્થો ધરાવે છે. નાઇજીરીયા આફ્રિકામાં એક મુખ્ય તેલ નિકાસકાર છે. તેનું તેલ યુરોપ, એશિયા અને અન્ય બજારોમાં નિકાસ કરવામાં આવે છે.

હવે પ્રશ્ન એ છે કે આ મુખ્ય નિકાસકારો પાસેથી તેલ કોણ ખરીદે છે? સાઉદી અરેબિયાના મુખ્ય તેલ ખરીદદારોમાં ચીન, ભારત, જાપાન, દક્ષિણ કોરિયા, પાકિસ્તાન, થાઇલેન્ડ, તાઇવાન, ઇન્ડોનેશિયા અને મલેશિયાનો સમાવેશ થાય છે. કેટલાક યુરોપિયન દેશો અને ક્યારેક અમેરિકા પણ મર્યાદિત માત્રામાં આયાત કરે છે. સાઉદી તેલનું સૌથી મોટું આકર્ષણ તેનો વિશ્વસનીય પુરવઠો અને સુસંગત ગુણવત્તા છે. રશિયાના મુખ્ય તેલ ખરીદદારોમાં ચીન, ભારત, તુર્કી, કેટલાક મધ્ય એશિયાઈ દેશો અને કેટલાક આફ્રિકન અને લેટિન અમેરિકન ખરીદદારોનો સમાવેશ થાય છે. વૈશ્વિક પ્રતિબંધો પહેલાં, ઘણા યુરોપિયન દેશો રશિયન તેલના મુખ્ય ખરીદદારો હતા. રશિયન તેલ ઘણી વાર ડિસ્કાઉન્ટેડ ભાવે ઉપલબ્ધ હોય છે. તે કેટલાક દેશો માટે આકર્ષક રહે છે.

ઇરાકનું તેલ ખરીદતા મુખ્ય દેશોમાં ભારત, ચીન, દક્ષિણ કોરિયા, ઇટાલી, ગ્રીસ, યુનાઇટેડ સ્ટેટ્સ અને ઘણી એશિયન રિફાઇનરીઓનો સમાવેશ થાય છે. ઘણી એશિયન રિફાઇનરીઓ માટે ઇરાકી તેલ યોગ્ય માનવામાં આવે છે. UAE ના મુખ્ય તેલ ખરીદદારોમાં જાપાન, ચીન, ભારત, દક્ષિણ કોરિયા, થાઇલેન્ડ, સિંગાપોર અને કેટલાક યુરોપિયન દેશોનો સમાવેશ થાય છે. UAE વેપાર, સંગ્રહ અને શુદ્ધિકરણ માટેનું એક મુખ્ય કેન્દ્ર પણ છે. અમેરિકા કેનેડિયન તેલનો સૌથી મોટો ખરીદદાર છે. યુરોપ અને એશિયામાં પણ થોડી માત્રામાં નિકાસ કરવામાં આવે છે. કેનેડાનું નિકાસ માળખું યુએસ-કેન્દ્રિત છે, મુખ્યત્વે પાઇપલાઇન્સ અને સરહદની નિકટતાને કારણે. અમેરિકામાંથી તેલ ખરીદનારા મુખ્ય દેશોમાં ભારત, દક્ષિણ કોરિયા, નેધરલેન્ડ્સ, યુનાઇટેડ કિંગડમ, સિંગાપોર, સ્પેન અને ઇટાલીનો સમાવેશ થાય છે. જ્યારે હળવા મીઠા કાચા તેલની માંગ વધે છે ત્યારે અમેરિકન તેલ સામાન્ય રીતે વધુ વખત ખરીદવામાં આવે છે.

કુવૈતમાંથી મુખ્ય તેલ ખરીદનારા દેશોમાં ભારત, ચીન, જાપાન, દક્ષિણ કોરિયા, તાઇવાન અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે. કુવૈતની નિકાસ નીતિ લાંબા સમયથી એશિયન બજારો પર કેન્દ્રિત છે. નોર્વેથી તેલ ખરીદતા મુખ્ય દેશોમાં બ્રિટન, જર્મની, નેધરલેન્ડ, સ્વીડન, ડેનમાર્ક અને અન્ય યુરોપિયન દેશોનો સમાવેશ થાય છે. નોર્વે યુરોપને વિશ્વસનીય અને રાજકીય રીતે સ્થિર સપ્લાયર માનવામાં આવે છે. નાઇજીરિયાથી તેલ ખરીદતા મુખ્ય દેશોમાં ભારત, સ્પેન, ફ્રાન્સ, નેધરલેન્ડ, ઇન્ડોનેશિયા અને કેટલાક અમેરિકન અને એશિયન દેશોનો સમાવેશ થાય છે.

તેલનું બજાર સ્થિર નથી. ઘણાં પરિબળો ખરીદદારોને આકર્ષિત કરે છે. રિફાઇનરીઓ જ્યાં પણ સૌથી સસ્તું તેલ શોધે ત્યાં જશે. બધાં તેલ સરખાં નથી હોતાં. કેટલાંક તેલ હળવાં હોય છે, કેટલાંક ભારે હોય છે. કેટલાંકમાં સલ્ફર ઓછું હોય છે, તો કેટલાંકમાં વધુ હોય છે. રિફાઇનરીઓ તે મુજબ તેલ ખરીદે છે. પ્રતિબંધો, યુદ્ધ અને રાજદ્વારી કારણો પણ તેલના વેપારને અસર કરે છે. શિપિંગ ખર્ચ ઘણું મહત્ત્વ ધરાવે છે. નજીકનો સપ્લાયર ફાયદાકારક હોય છે. દરેક રિફાઇનરી દરેક પ્રકારના તેલને પ્રોસેસ કરી શકતી નથી, તેથી ખરીદદારો પાસે મર્યાદિત વિકલ્પો હોય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**દુનિયા દરરોજ ૧૬ અબજ લિટરથી વધુ ખનિજ તેલનો ઉપયોગ કરે છે. આ ઉપયોગ મુખ્યત્વે રોડ ટ્રાન્સપોર્ટ, હવાઈ મુસાફરી, શિપિંગ ઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ અને વીજ ઉત્પાદનમાં થાય છે**

# સોના-ચાંદીમાં છ વર્ષનો સૌથી મોટો સાપ્તાહિક કડાકો

**સતત** ત્રીજા સપ્તાહે ભાવો ઘટ્યા

અમદાવાદ/મુંબઈ, તા. 21

મધ્ય પૂર્વમાં ભભૂકી રહેલા યુદ્ધ અને આર્થિક અસ્થિરતા વચ્ચે સોના અને ચાંદીના ભાવમાં છેલ્લા છ વર્ષનો સૌથી મોટો સાપ્તાહિક કડાકો નોંધાયો છે. સતત ત્રીજા સપ્તાહે કિંમતો ગગડતા રોકાણકારોમાં ફફડાટ વ્યાપ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ગોલ્ડ સ્પોટમાં અંદાજે $528 (10.52%) અને સિલ્વર સ્પોટમાં $12.79 (15.87%) નો ઘટાડો જોવા મળ્યો છે. એમસીએક્સ (MCX) પર સોનું રૂ. 1,44,825 અને ચાંદી રૂ. 2,27,470 ના સ્તર પર બંધ રહ્યા છે.

ઈરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુની રોકવામાં આવતા ક્રૂડ અને ગેસની અછત સર્જાઈ છે. તેના કારણે વૈશ્વિક મોંઘવારી વધવાની ભીતિએ કિંમતી ધાતુઓમાં ભારે વેચવાલી નીકળી છે.

યુએસ ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં ઘટાડો ન કરતા અને જેરોમ પોવેલે મોંઘવારી વધવાની આશંકા વ્યક્ત કરતા સોનામાં સેલિંગ પ્રેશર વધ્યું છે.

ઈતિહાસમાં પ્રથમવાર ફ્યુચર કરતા સ્પોટનો ભાવ નીચો રહ્યો છે, જે દર્શાવે છે કે બજારમાં હાલ કોઈ લેવાલ નથી.

**આગામી સપ્તાહની ચાલ**

ટેકનિકલ દ્રષ્ટિએ સોનામાં $5000 અને ચાંદીમાં $75 નું લેવલ મહત્વનું રેઝિસ્ટન્સ છે. જો સોનું $4400 ની સપાટી તોડશે તો ભાવ $4100 સુધી જઈ શકે છે. આગામી સમયમાં મધ્ય પૂર્વનું યુદ્ધ અને ક્રૂડના ભાવ બજારની દિશા નક્કી કરશે.

આગામી સપ્તાહમાં મિડલ ઈસ્ટના યુદ્ધ તેમજ ક્રૂડના ભાવ પર નજર રાખવાની રહેશે. જો ઈરાન યુદ્ધ લાંબુ ચાલશે તો વિશ્વના દેશોની આર્થિક સ્થિતિ બગડી શકે છે. જેના કારણે ગોલ્ડ અને સિલ્વરના ભાવમાં વધુ ઘટાડો દેખાઈ શકે છે.


RAJ IMPERIAL
DOLBY ATMOS
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે INOX
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777
ATMOS : 6.30 am, 7.30 am, 8.15 am, 11.00 am, 12.00 pm, 12.45 pm, 3.30 pm, 4.30 pm, 5.30 pm, 9.00 pm, 9.30 pm, 10.00 pm
રેગ્યુલર : 9.00 am, 9.30 am, 10.15 am, 1.30 pm, 2.00 pm, 2.45 pm, 6.00 pm, 6.30 pm, 7.30 pm, 10.30 pm, 10.55 pm, 11.59 pm
ખૂંખાર એક્શન થ્રીલર



ધુરંધર-2
રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ